

# વાયુ વાવાઝોડાની અસર હેઠળ સૌરાષ્ટ્ર-કચ્છમાં વરસાદ થયો

### પોરબંદર, સુરત, સાપુતારા, આહવા, અમરેલી સહિતના વિસ્તારોમાં વરસાદ : ભારે વરસાદની ચેતવણી અકબંધ

અમદાવાદ,તા. ૧૨

વાયુ વાવાઝોડાની અસર હેઠળ આજે ગુજરાતના જુદા જુદા ભાગોમાં વરસાદ થયો હતો. બીજી બાજુ ભારે વરસાદની ચેતવણી પણ તંત્ર દ્વારા જારી કરવામાં આવી છે. રાજયમાં સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકિનારે વાયુ વાવાઝોડાના પગલે ભારેથી અતિભારે વરસાદની આગાહી હવામાન ખાતા દ્વારા કરવામાં આવી હતી, તે મુજબ, આજ સવારથી જ સુરત, વડોદરા, વલસાડ જેવા વિસ્તારોમાં વરસાદ શરૂ થઈ ગયો હતો, તો, સુરતના ઓલપાડ, વરાછા, ઉધના, તાપી, નવસારી, વલસાડના તીથલ સહિતના આસપાસના વિસ્તારોમાં વરસાદ તૂટી પડયો હતો. બીજીબાજુ, સૌરાષ્ટ્રના ઉના, દીવ સહિતના દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદ ખાબકયો હતો. દેવભૂમિ દ્વારકાના કલ્યાણપુરાના ભાટિયા ખાતે બહુ ભારે વરસાદ પડયો હતો, જેના કારણે રસ્તાઓ પર વરસાદી પાણી ભરાઈ ગયા હતા. વાયુ વાવાઝોડાની અસરના ભાગરૂપે ઉત્તર અને મધ્ય ગુજરાતના વાતાવરણમાં થોડો ઘણો પલ્ટો નોંધાયો હતો અને વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું. અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, મહીસાગર જિલ્લાના લુણાવાડા સહિતના સ્થળોએ આજે વરસાદી છાંટણાં તો કયાંક હળવો તો કયાંક ભારે વરસાદ નોંધાયો હતો. તો તંત્ર દ્વારા સૌરાષ્ટ્રના પોરબંદર, ગીર સોમનાથ, દીવ અને દ્વારકા સહિતના વિસ્તારોમાં સૌથી વધુ નુકસાનની દહેશત વ્યકત કરવામાં આવી હોઈ અહીંના લોકોમાં સ્વાભાવિક ચિંતા અને ફફડાટની લાગણી ફેલાઈ હતી. હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી ત્રણ દિવસ દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં ભારેથી અતિભારે વરસાદ પડશે. આ ઉપરાંત અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, અરવલ્લી અને દાહોદમાં સામાન્ય વરસાદ પડે તેવી સંભાવના છે. સૌરાષ્ટ્રમાં મોરબી, બોટાદ, સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, દ્વારકા, ભાવનગર, કચ્છ જ્યારે દક્ષિણ ગુજરાતમાં સુરત, નવસારી, ડાંગ, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં આવતીકાલે ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે. ઉપરાંત મધ્યગુજરાત અને ઉત્તર ગુજરાતમાં વાયુ વાવાઝોડાની કોઈ ખાસ અસર મળશે નહીં. માત્ર વાદળછાયું વાતાવરણ અને સામાન્ય વરસાદ પડે તેવી શક્યતા છે.

નીચાણવાળા કોસ્ટલ એરિયા જેમાં કચ્છ, દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, દીવ, ગીર સોમનાથ, અમરેલી અને ભાવનગરમાં ૧.૫થી ૨ મીટરથી વધુ ઉંચા મોજા ઉછળે તેવી શક્યતાઓ છે. વાયુ વાવાઝોડાં દરમ્યાન સૌથી વધુ નુકસાન કચ્છ, દ્વારકા, પોરબંદર, જામનગર, જૂનાગઢ, અમરેલી અને ગીર સોમનાથ જિલ્લામાં થઈ શકે તેવી તંત્ર દ્વારા દહેશત વ્યકત કરાઈ છે. જો કે, વાવાઝોડું ત્રાટકે તોય પણ તેમાં ઓછામાં ઓછુ નુકસાન થાય તેવી તમામ તૈયારીઓ અને આગોતરા આયોજન કરવામાં આવ્યા છે.

# સંભવિત વાવાઝોડા સંદર્ભે ઉપસ્થિત થનાર તમામ પરિસ્થિતિને પહોંચી વળવા વહીવટ તંત્ર સુસજ્જ

### ગાંધીનગરના મુખ્ય કંટ્રોલ રૂમ ખાતે ૧૪ સીનિયર આઇ.એ.એસ. અધિકારીઓ પરિસ્થિતિનું મોનીટરીંગ કરી રહ્યા છે

ગાંધીનગર, તા. ૧૨

મહેસુલ વિભાગના અધિક મુખ્ય સચિવ પંકજ કુમારે જણાવ્યું છે કે, રાજયમાં આવી રહેલ 'વાયુ' વાવાઝોડા સંદર્ભે ઉપસ્થિત થનાર તમામ પરિસ્થિતિને પહોંચી વળવા રાજ્યનું વહીવટીતંત્ર સુસજ્જ છે. રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલ અને મુખ્ય સચિવ ડૉ. જે.એન. સિંઘ સહિતના ઉચ્ચ અધિકારીઓએ આજે દરિયાકાંઠાના અસરગ્રસ્ત ૧૦ જિલ્લાના વહીવટીતંત્ર સાથે વીડિયો કોન્ફરન્સ દ્વારા સમીક્ષા કરી હતી.

પંકજ કુમારે કહ્યું કે, ગાંધીનગર ખાતે સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરમાં મુખ્ય કંટ્રોલ રૂમ કાર્યરત કરાયો છે. જેમાં ૧૪ જેટલા સીનિયર આઈ.એ.એસ. અધિકારીઓને વાવાઝોડા સંદર્ભે ઘનિષ્ઠ મોનીટરીંગ કરી રહ્યા છે. જે તેમના સંબંધિત વિભાગોની કામગીરીનું મોનીટરીંગ કરી રહ્યા છે. જેથી સંભવિત પરિસ્થિતિને પહોંચી શકાય. મુખ્ય કંટ્રોલ રૂમ ખાતે જી.ઈ.બી., માર્ગ-મકાન, પોલીસ, ફિશરીઝ, સિંચાઈ અને બાયસેગના ઉચ્ચ અધિકારીઓની ટીમ પણ કાર્યરત છે. જઓ તેમના વિભાગની કામગીરીનું સંબંધિત જિલ્લા સાથે સંકલન કરી રહ્યા છે.

પંકજ કુમારે કહ્યું કે, રાજ્યના દરિયાકાંઠાના જામનગર, દેવભૂમિ-દ્વારકા, પોરબંદર, ગીર સોમનાથ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, કચ્છ અને રાજકોટ જિલ્લાને વાયુ વાવાઝોડાની અસર થનાર છે. આ વાવાઝોડું મધરાત્રે દરિયાકાંઠે ટકરાય એવી સંભાવના હોવાથી માટે ત્યાં જાન-માલને નુકસાન ન થાય એ માટે સ્થળાંતર જ એક વિકલ્પ હોઈ, સ્થાનિક વહિવટી તંત્ર દ્વારા સ્થળાંતરની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. સ્થાનિકકક્ષાએ જિલ્લા કલેકટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા પોલિસ અધિક્ષકશ્રીની ટીમ દ્વારા સ્થળાંતરની કામગીરી થઈ રહી છે.

રાજયભરમાં બપોરના ૧.૩૦ વાગ્યા સુધી ૧,૨૩,૫૫૦ નાગરિકોનું સ્થળાંતર કરાયું છે. જે માટે રાજયભરમાં ૧૨૧૬ જેટલાં આશ્રયસ્થાનો ઉભા કરાયા છે જેમાં એન.જી.ઓ. તથા ધાર્મિક સંસ્થાઓના સહયોગથી રહેવાની, જમવાની, પીવાના પાણીની પૂરે પૂરી વ્યવસ્થા કરી દેવાઈ છે. સ્થળાંતરની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. સાંજ સુધીમાં અસરગ્રસ્ત વિસ્તારોમાંથી લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરી દેવાશે.

## વાવાઝોડાના પગલે ડીસા માર્કેટયાર્ડમાં માલ લઈને આવતા ખેડૂતો-વેપારીઓને તકેદારી રાખવા અપીલ

ભારત સરકારના પૃથ્વી, વિજ્ઞાન મંત્રાલય અને મોસમ વિભાગના જણાવ્યા મુજબ તારીખ ૧૨ થી ૧૪ જુન દરમિયાન રાજ્યમાં વાવાઝોડું ત્રાટકવાની શક્યતા હોય ડીસા માર્કેટયાર્ડમાં માલ વેચાણ માટે આવતા ખેડૂતો તેમજ વેપારીઓએ પોતાના માલ મિલકતને નુકસાન ન થાય તે માટે તકેદારી રાખવા ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઇ દેસાઇ દ્વારા અપિલ કરાઇ છે.

આ અંગે ડીસા માર્કેટયાર્ડના સેક્રેટરીએ જણાવ્યું હતું કે, બે દિવસ દરમ્યાન ગુજરાતમાં વાયુ નામનું વાવાઝોડું ત્રાટકવાની શક્યતા છે. વાવાઝોડાના કારણે અતિ ઝડપથી પવન ફુંકાવાનો તેમજ ભારેથી અતિભારે વરસાદ પડવાની શક્યતા છે. આથી શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ડીસા તેમજ પેટા બજારોમાં ખેત પેદાશોના વેપાર કરતાં વેપારીઓ તેમજ માલ વેચાણ માટે આવતા તમામ ખેડૂત ભાઈઓએ પોતાનો માલ ખુલ્લામા ન રાખી ગોડાઉન કે અન્ય સલામત સ્થળે ખસેડી લેવો તેમજ જાન માલ અને માલ મિલકતને નુકશાન ન થાય તેની તકેદારી રાખવી.

# ધાર્મિક સ્થળ અંબાજી ખાતે ભૂંકપના આંચકાથી દહેશત

પાલનપુર,તા. ૧૨

એક તરફ ગુજરાત પર વાયુ વાવાઝોડાનો ખતરો મંડરાઈ રહ્યો છે ત્યારે બીજી તરફ આજે અંબાજી નજીક સાંજે ૪.૧૭ વાગ્યે ૨.૩ની તીવ્રતાનો ભૂંકપનો આચકો અનુભવાયો હતો. પાલનપુરથી ૩૨ કિલોમીટર પૂર્વ-ઉત્તર તરફ અમીરગઢ નજીક કેંગોરા ભૂકંપનું કેન્દ્ર બિન્દુ નોંધાયું હતું. ભૂકંપના આ આંચકાની અસર આબુરોડથી લઈ સમગ્ર ઉત્તર ગુજરાતમાં અનુભવાઈ હતી. આમ, છેલ્લા દસ દિવસમાં ઉત્તર ગુજરાતની ધરા બીજીવાર ધ્રુજી હતી અને ભૂકંપનો હળવો આંચકો નોંધાતા સ્થાનિક લોકોમાં પણ સ્વાભાવિક ફફડાટની લાગણી થોડા સમય માટે ફેલાઈ હતી. અલબત્ત, આજે નોંધાયેલા ભૂકંપના હળવા આચંકાથી કોઈ નુકસાન કે જાનહાનિ નહી નોંધાતા તંત્રએ પણ રાહતનો શ્વાસ લીધો હતો.

આજે ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લા સહિત પંથકના અનેક વિસ્તારોમાં ભૂકંપના હળવા આંચકા અનુભવાયા હતા. અંબાજી નજીક આજે સાંજે ૪.૧૭ મિનિટે ૨.૩ની તીવ્રતાના હળવા ભૂકંપના આંચકા નોંધાયા હતા. ભૂકંપના આ આંચકાઓની અસર ઉત્તર ગુજરાતથી લઈ છેક આબુ રોડ સુધી અનુભવાઈ હતી. ભૂસ્તરશાસ્ત્રીઓની તપાસમાં આ ભૂકંપનું કેન્દ્ર બિંદુ પાલનપુરથી ૩૨ કિલોમીટર દૂર પૂર્વ-ઉત્તર તરફ અમીરગઢ નજીક કેંગોરા ખાતે નોંધાયું હતું. અગાઉ પણ તા. ૬ઠ્ઠી જૂનના રોજ ઉત્તર ગુજરાતમાં ભૂકંપના આંચકા નોધાયા હતા. સતત ૧૦ સેકન્ડ સુધી આવેલા ભૂંકપના કારણે લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. એ વખતે ભૂકંપના આંચકાની તીવ્રતા ૪.૮ની હતી.

પાલનપુર, ડીસા, અંબાજી સહિત સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં ભૂકંપના આંચકાનો અનુભવ થયો હતો. અગાઉના ભૂકંપનુ એપી સેન્ટર અંબાજીથી ૨૪ કિમી. દૂર ભાયલા ગામે નોંધાયુ હતું. ત્યારબાદ આ ભૂકંપના બીજા આંચકાને લઈ લોકોમાં થોડો ફફડાટ ફેલાયો હતો.

### મોડાસાના ભાટકોટાના મહંતે

# ધોમધખતા તડકામાં વરસાદ માટે માથે અગ્નિકુંડ મૂકી ''પંચાગ્નિ તપશ્ચર્યા''

મોડાસા, તા. ૧૨

મોડાસા તાલુકાના ભાટકોટાના સુપ્રસિદ્ધ વડેશ્વર મહાદેવ મંદિરના મહંતશ્રીશ્રી ૧૦૮ મહામંડલેશ્વર રામબલી ત્યાગીજી મહારાજ છેલ્લા ૧૬ વર્ષથી વસંત પંચમીના શુભ દિવસે ઉત્તર પ્રદેશના પ્રયાગરાજથી પંચાગ્નિ લાવી જેઠ માસની ગંગાદસમી સુધી ૪ માસ કરતા વધુ સમય કઠોર તપ કરવામાં આવે છે.



હાલમાં ભીષણ ગરમીમાં ધોમ ધખતા તડકામાં લોકો ઘરની બહાર નીકળવાનું પણ ટાળી રહ્યા છે ત્યારે મહંતે માથે પ્રજ્વલ્લીત અગ્નિકુંડ મૂકી સારા વરસાદ અને પ્રજાના સુખાકારી માટે કઠોર તપ કરતા આજુબાજુના પ્રજાજનો મોટી સંખ્યામાં દર્શનાર્થે ઉમટતા હતા બુધવારે પંચાગ્નિ તપશ્ચર્યા ની પૂર્ણાહૂતિમાં જીલ્લાના ભક્તો અને આજુબાજુના મહંતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સંત સમાજમાં કેટલાક ભગવાધારી સંતોની પાંખડી કરતૂતોથી સમગ્ર સંત સમાજ બદનામ થતો હોય છે હજુ પણ કેટલાય સંતો અંતરિયાળ વિસ્તારોમાં ધર્મના રક્ષણ સાથે માનવસેવા માટે સતત તત્પર રહેતા હોય છે. હિન્દુ ધર્મમાં વરસાદ ખેંચાય અથવા મેઘરાજા રિસાય તો ઠેર ઠેર પર્જન્ય યજ્ઞો યોજી મેઘરાજાને રીઝવવા પ્રયત્ન કરતા હોય છે. ભાટકોટાના સુપ્રસિદ્ધ વડેશ્વર મહાદેવ મંદિરના મહંતશ્રીશ્રી ૧૦૮ મહામંડલેશ્વર રામબલી ત્યાગીજી મહારાજના જણાવ્યા અનુસાર ૮૦૦ વર્ષ પહેલા જગદગુરૂ રામચંદ્રાચાર્ય પૃથ્વી પરના દુષ્કાળના અનિષ્ઠને નિવારવા ઉત્તરપ્રદેશના પ્રયાગરાજથી પંચાગ્નિ તપશ્ચર્યા નો પ્રારંભ કરાવ્યો હતો. અરવલ્લી જીલ્લા સહીત સમગ્ર દેશમાં વરસાદ સારો થાય અને પ્રજાજનોની સુખાકારી માટે ૧૮ વર્ષ સુધી અહીં ''પંચાગ્નિ તપશ્ચર્યા'' કરવાનો નિર્ણય કર્યો હતો અને સતત ૧૭ માં વર્ષે ''પંચાગ્નિ તપશ્ચર્યા'' તપની પુર્ણાહુતી કરવામાં આવી છે.

### બાયડના ચોઈલા ગામે પ્રેમ લગ્ન કરનાર

# યુવક-યુવતી પર યુવતીના પરિવારજનોનો ઘાતકી હુમલો

બાયડ તાલુકાના ચોઈલા ગામે ગામના યુવકની આંખ ગામની યુવતી સાથે મળી જતા પ્રેમ સંબંધ બંધાયો હતો પ્રેમીયુગલ એક જ ગામના અને એક જ સમાજના હોવાથી પરિવારજનો તેમના પ્રેમનો સ્વીકાર નહિ કરે ના ડરથી ભાગી જઈ પ્રેમલગ્ન કરી લીધા હતા. બરોડા રહેતા યુવક-યુવતી પોલીસ રક્ષણ હેઠળ ચોઈલા ઘરે પરત ફરતા પ્રેમલગ્નની અદાવત રાખી યુવતીના પરિવારજનોએ યુવકના ઘરે મારક હથિયારો સાથે ધસી આવી યુવક-યુવતીને માર મારી યુવતીને કારમાં ઉઠાવી જતા વાતાવરણ તંગ બન્યું હતું. બાયડ પોલીસ ઘટનાસ્થળે દોડી આવી ઈકો કારનો પીછો કરી યુવતની છોડાવી યુવતની ઈચ્છા મુજબ તેના પતિને સોંપી દીધી હતી.

યુવતીના પરિવારજનોએ યુવતીને માર મારતા અને સમીરભાઈ રાજેશભાઈ પરમાર નામના યુવકે નિકિતાબેનને માથામાં બેઝબોલ સ્ટિકથી હુમલો કરતા યુવતીને લોહી-લુહાણ હાલતમાં સારવાર અર્થે દવાખાને ખસેડી હતી.

ચોઈલા ગામના યુવક જગદીશભાઈ સોલંકીએ ગામની નિકિતા નામની યુવતી સાથે બંને પરિવારજનોની વિરુદ્ધ ભાગી જઈ પ્રેમલગ્ન કરી લીધા હતા. યુવક-યુવતી નિકિતાનું બળજબરી પૂર્વક ઈકો કારમાં અપહરણ કરી નાસી છૂટતા ભારે ચકચાર મચી હતી. યુવકના પરિવારજનોએ બાયડ પોલીસને



એક વર્ષ પછી યુવકના ઘરે પરત ફરતા યુવતીના પરિવારજનો અને સગા-સંબંધીઓને જાણ થતા સોમવારે મધ્ય રાત્રીએ ગેરકાયદેસર મંડળી રચી હલ્લાબોલ કરી યુવકના ઘરમાં તોડફોડ કરી બંનેને માર મારી જાણ કરતા પોલીસ કાફલો ચોઈલા ગામે દોડી આવી પીએસઆઈ રાજપૂતે ઈકો કારનો પીછો કરી યુવતીને બચાવી લઈ ઈજાગ્રસ્ત યુવતીને સારવાર આપી યુવતનીને તેના પતિ ને સોંપી હતી.

## ઈન્ફીનીયમ ટોયોટાએ ગ્લેન્ઝા લોન્ચ કરી

ઈન્ફીનીયમ ટોયોટા દ્વારા ૭ જુન શુક્રવારે ગુજરાતની સાતે ડિલરશીપમાં પ્રિમિયમ હેચબેક





ટોયોટા ગ્લેન્ઝા લોન્ચ કરવામાં આવેલ છે. 'આ નામ ગ્લેન્ઝા એક જર્મન શબ્દથી બનેલ છે જેનો અર્થ છે દિપ્તિ/કાંતિ/ચમક છે.' નવી ટોયોટા ગ્લેન્ઝામાં ટેકનોલોજી તો શ્રેષ્ઠ છે જ, ઉપરાંત નવા જમાનાની વિશિષ્ટતાઓ છે. આમાં ટચ સ્ક્રીન ઓડિયો અને એન્ડ્રોઈડ ઓટો અને એપલ કાર પ્લે તથા સ્માર્ટ ફોન આધારીત નેવિગેશન, ઈન્ટર એક્ટીવ ટીએફટી મલ્ટી-ઈન્ફો ડિસ્પ્લે, રિવર્સ પાર્કીંગ કેમેરા વગેરે સમાવિષ્ટ છે. મનની સંપૂર્ણ શાંતિ માટે ઉત્કૃષ્ટ વોરંટી હોવા સાથે ૩ વર્ષ/ ૧ લાખ કિ.મી. અને ૫ વર્ષ / ૨.૨૦ લાખ કિ.મી. સુધી એક્સટેન્ડ કરવા પાત્ર છે.

## સુઝુકી મોટરસાયકલ ઈન્ડિયાએ નવી GLXXER SF 250 અને GLXXER SF અમદાવાદમાં મુકી

પ્રિમીયમ ૨૫૦૯૭૭ મોટરસાયકલ સેગમેન્ટમાં પોતાના પ્રવેશનો સંકેત આપતા મે ૨૦૧૯માં મોટા પાયે રાષ્ટ્રીય સ્તરે લોન્ચીંગ કર્યુ છે. ટુ વ્હીલર ઉત્પાદક સુઝુકી મોટર કોર્પોરેશન, જાપાનની પેટાકંપની સુઝુકી મોટરસાયકલ ઈન્ડિયા પ્રા. લિમીટેડે (એસએમઆઈપીએલ) તેની લાંબા સમયથી રાહ જોવાઈ રહી હતી તેવી GIXXER SF 250ને લોન્ચ કરી છે જે ગુજરાતના સ્પોર્ટ ચાહકો માટે એક સ્પોર્ટ ટુરીંગ મોટરસાયકલ છે. તેની સાથે સુઝુકી મોટરસાયકલ ઈન્ડિયાએ તદ્દન નવી એવી GIXXER SF પણ મોટરસાયકલના ચાહકો માટે બજારમાં મુકી છે. સુઝુકી GIXXERSF સિરીઝ મહત્ત્વાકાંક્ષી સવારોના અલગ પડતા વ્યક્તિત્વ માટે સંપૂર્ણ રીતે બનાવવામાં આવેલી આવૃત્તિ છે. GIXXER SF 250 ફક્ત ''સુઝુકી પ્રિમીયમ'' ખાતે જ ઉપલબ્ધ રહેશે.

તેના સાચા અર્થમાં સુઝુકી GIXXER SF 250 'મહાનતાનો ઉદભવ' છે કેમ કે તે રજીઠ-ઈ અને હયાબુસા જેવી ઐતિહાસિક મોટરસાયકલ્સના ઉત્પાદકોની શ્રેણી છે. નવી GIXXER SF સિરીઝ પોતાના ગ્રાહકોને એડવાન્સ્ડ ટેકનોલોજી, પ્રિમીયમ સ્ટાઈલીંગ અને ચડીયાતી પ્રોડક્ટ ગુણવત્તા ઓફર કરવાનું વચન આપે છે.

નવી પ્રોડક્ટસ બજારમાં મુકવા પર ટિપ્પણી કરતા સુઝુકી મોટરસાયકલ ઈન્ડિયા પ્રા. લિમીટેડના કંપની વડા કોઈચિરો હીરાઓએ જણાવ્યું હતું કે, ''અમે તદ્દન નવી એવી સુઝુકી GIXXERSF સિરીઝને ભારતીય માર્કેટ તરફેની આગળ ધપતી અમારી પ્રતિબદ્ધતાના ભાગરૂપે રજૂ કરતા ખુશી અને ઉત્સાહ અનુભવીએ છીએ.

## પીકેએલની સિઝન ૭ની ગુજરાત ફોર્ચ્યુન જાયન્ટસ ટીમને રાજ્યના રમતગમત પ્રધાનનું પ્રોત્સાહન

પ્રો કબ્બડી લીગ (પીકેએલ)ની સિઝન-૭ની શરૂઆત થાય તે પહેલાં પીકેએલમાં રમી રહેલી ૧૨ ટીમમાંથી મજબૂત પ્રાદેશિક ટીમનું નિર્માણ કરનાર ગુજરાત ફોર્ચ્યુન જાયન્ટસ (જીએફજી)ના ખેલાડીઓને ગુજરાતના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ પ્રધાન ઈશ્વરસિંહ પટેલને આજે મળવાની તક પ્રાપ્ત થઈ હતી.

ગાંધીનગરમાં યોજાયેલી આ મુલાકાતમાં કોચ મનપ્રીત સિંઘ અને કોચ નીર ગુલિયા અને હાલમાં રમી રહેલા ખેલાડીઓ સુનીલ મલિક, પરવેશ ભૈસવાલ, સચિન તવર અને સોનુ જગલન પણ હાજર રહ્યા હતા. આ ટીમની સાથે ગુજરાત ફોર્ચ્યુન જાયન્ટસની ટીમના સીઈઓ સંજય અદેસરા પણ જોડાયા હતા.

પ્રધાન સાથેની વાતચીત દરમ્યાન ટીમ દ્વારા કબ્બડી હવે પ્રોફેશનલ સ્તરે પહોંચી હોવા અંગે વાતચીત થઈ હતી. આ ઉપરાંત તેમણે ટુર્નામેન્ટ લીગ અને હાલમાં ચાલી રહેલી પ્રેક્ટીસની ભિન્ન પ્રકારની તૈયારીઓ અંગે માહિતી આપી હતી. પ્રધાને તેમને આ સિઝનનો ઉત્તમ દેખાવ કરવા માટે શુભેચ્છા પાઠવી હતી.

## ગાંડોતુર

● અનુસંધાન પહેલાનું ચાલુ

રહ્યા છે. રાજ્ય સરકારે સૌરાષ્ટ્ર, કચ્છના નિચાણવાળા વિસ્તારોમાંથી ત્રણ લાખથી વધુ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવી ચુક્યા છે. ૧૦ જિલ્લા જે તોફાનથી સૌથી વધુ પ્રભાવિત થનાર છે તેમાં કચ્છ, મોરબી, જામનગર, જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, રાજકોટ, અમરેલી, ભાવનગર, ગીરસોમનાથનો સમાવેશ થાય છે. આ તમામ જિલ્લાઓમાંથી લોકોને ૧૦૦ ટકા ખસેડવાની કામગીરી ચાલી રહી છે. લોકોને સરકારી ઈમારતોમાં ખેસડવામાં આવ્યા છે. સમગ્ર તંત્ર એલર્ટ ઉપર છે. એનડીઆરએફની ટુકડીઓ પહેલાથી જ પહોંચી ચુકી છે. સેનાએ ગુજરાતના દરિયાકાંઠામાં ૧૦ ટુકડીઓ તૈનાત કરી છે. દરેક ટુકડીમાં ૭૦થી વધુ જવાનો છે. સૌરાષ્ટ્ર વિસ્તારના ૧૦ જિલ્લાઓમાં ૪૦૮ ગામોમાં રહેતા ૬૦ લાખથી વધુ લોકોને અસર થવાની શક્યતા છે. ભારે ચિંતા અને દહેશત વચ્ચે વાયુ વાવાઝોડાની દિશા બદલાઈ હોવાનું રાજ્ય સરકાર દ્વારા આજે સાંજે અધિકારીક રીતે જાહેર કરવામાં આવ્યું છે.

હવે વાવાઝોડું વેરાવળને બદલે પોરબંદર તરફ ડાયવર્ટ થયું છે. બીજીબાજુ, વાવાઝોડુ હવે આવતીકાલે સવારે ત્રાટકવાના બદલે બપોરના સમય સુધીમાં વેરાવળથી લઈ દ્વારકા વચ્ચેના પોરબંદર દરિયાકાંઠાના વિસ્તારમાં ત્રાટકવાની શકયતા હવે વ્યકત થઈ રહી છે, તેથી હવે સરકાર અને તંત્રએ એ પ્રકારે પણ સમગ્ર સુરક્ષાત્મક તૈયારીઓ અને આયોજન કર્યા છે. વાયુ વાવાઝોડા સંદર્ભે ઉપસ્થિત થનાર તમામ પરિસ્થિતિને પહોંચી વળવા રાજ્ય સરકાર અને વહીવટી તંત્ર સુસજ્જ છે. જેને લઈ રાજ્યના મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ પંકજ કુમારે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને મુખ્ય સચિવ ડો. જે.એન.સિંઘ સહિતના ઉચ્ચ અધિકારીઓએ આજે દરિયાકાંઠાના અસરગ્રસ્ત ૧૦ જિલ્લાના વહીવટીતંત્ર સાથે વીડિયો કોન્ફરન્સ દ્વારા સમીક્ષા કરી હતી. મુખ્ય કંટ્રોલ રૂમ ખાતે ૧૪ જેટલા સિનિયર આઈ.એ.એસ. અધિકારીઓ વાવાઝોડા સંદર્ભે તેમના સંબંધિત વિભાગોની કામગીરીનું મોનિટરીંગ કરી રહ્યા છે અને એકેએક હિલચાલ પર બાજનજર રાખી રહ્યા છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રાજ્યભરમાં બપોર સુધીમાં ૧,૨૩,૫૫૦થી વધુ નાગરિકોનું સ્થળાંતર કરાયું છે. જે માટે રાજ્યભરમાં ૧,૨૧૬ જેટલાં આશ્રયસ્થાનો ઉભા કર્યા છે. જેમાં એન.જી.ઓ. તથા ધાર્મિક સંસ્થાઓના સહયોગથી રહેવાની, જમવાની, પીવાના પાણીની પૂરે પૂરી વ્યવસ્થા કરી દેવાઈ છે. સ્થળાંતરની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. સાંજ સુધીમાં અસરગ્રસ્ત વિસ્તારોમાંથી લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરી દેવાશે. ગાંધીનગર ખાતે સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરમાં મુખ્ય કંટ્રોલ રૂમ કાર્યરત કરાયો છે. જેમાં ૧૪ જેટલા સિનિયર આઈ.એ.એસ. અધિકારીઓ વાવાઝોડા સંદર્ભે તેમના સંબંધિત વિભાગોની કામગીરીનું મોનીટરીંગ કરી રહ્યા છે. મુખ્ય કંટ્રોલ રૂમ ખાતે જી.ઈ.બી., માર્ગ-મકાન, પોલીસ, ફિશરીઝ, સિંચાઈ અને બાયસેગના ઉચ્ચ અધિકારીઓની ટીમ પણ કાર્યરત છે. જેઓ તેમના વિભાગની કામગીરીનું સંબંધિત જિલ્લા સાથે સંકલન કરી રહ્યા છે.

## વીજળી પડતા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

એકનું મોત થયું છે. શીંગાણા પંચાયતના જામનયામાલમાં વીજળી પડતા ૫૦ વર્ષીય ઈસમનું મોત થયું છે. મગનભાઈ વાઘમારે વીજળી પડી ત્યારે તેમના ખેતરમાં ઝાડ નીચે ઉભા હતા. વીજળી પહેલા ઝાડ અને પછી તેમના પર પડતાં મોત થયું. વ્યારાના ખુશાલપુરા ગામે વીજળી પડતા ખેતરમાં કામ કરતા વૃદ્ધાનું મોત થયું છે. મૃતદેહને પીએમ માટે વ્યારા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. મૃતકનું નામ નુંરીબેન વેચયાભાઈ ગામીત હોવાનું બહાર આવ્યું છે. વલસાડ જિલ્લાના મોટી તંબાડી ગામે વીજળીના કડાકા અને ભડાકા મંગળવારે વરસાદ વરસ્યો હતો. મોટી તંબાડી ગામમાં દંપતી ઘરની પાછળ લાકડા ભરી રહ્યા હતા તે વખતે વીજળી પડતા પત્ની પ્રેમિલા વારલીનું ઘટના સ્થળ પર જ મોત થયું છે.

મહુવાના કરચેલીયા-વળવાડા રોડ પર વરસાદના કારણે વૃક્ષ ધરાશાયી થયું હતું. આ દરમિયાન બાઈક પર જઈ રહેલા ખેડૂત પર વૃક્ષ પડતા તેનું મોત થયું હતું. ખેડૂત દેડવાસણ ગામના હોવાનું બહાર આવ્યું છે. મહુવા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. બનાસકાંઠા, સાબરકાંઠા, આણંદ, બરોડા, ભરૂચ, ડાંગ, સુરેન્દ્રનગર, મોરબી, બોટાદમાં સામાન્ય વરસાદ પડી શકે છે. જ્યારે કચ્છ, દાદરાનગર હવેલી, દમણ, નવસારી, વલસાડ, સુરતમાં ભારે વરસાદ પડી શકે છે. રાજકોટ, જામનગર, પોરબંદર, દેવભૂમિ દ્વારકામાં ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે. દીવ, ગીર-સોમનાથ, અમરેલી, જૂનાગઢમાં અતિભારે વરસાદ પડવાની આગાહી હવામાન વિભાગે વ્યક્ત કરી છે. આ દિવસે રાજકોટ, જામનગર, પોરબંદર, મોરબી, કચ્છના કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે.

## ધમરોળશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વેરાવળમાં અસર કરતુ વાવાઝોડું રાત્રે ૮.૦૦ વાગ્યે ફરી માંગરોળમાં ત્રાટકશે. ત્યારબાદ તા. ૧૪મીએ સવારે ૩ વાગ્યે નવાબંદર, સવારે ૫.૦૦ વાગ્યે પોરબંદરમાં ત્રાટકશે. તા. ૧૪મી સાંજે ૬.૦૦ વાગ્યે વાવાઝોડું દ્વારકા પહોંચશે અને તા. ૧૫મીએ વહેલી સવારે ૩.૦૦ વાગ્યે ધીમે-ધીમે બહાર નીકળી જશે અને આખરે આ વાવાઝોડું ૧૬મીએ રવિવાર સાંજ સમુદ્રમાં સમાઈ જશે અને શમી જશે.